# ડીસા પંથકમાં કાળઝાળ ગરમી વચ્ચે લોકો ત્રાહિમામ

## બપોર સુધીમાં ૪૦ ડીગ્રી તાપમાન નોંધાયું

ડીસા, તા. ૧૭

ડીસા પંથકમાં કાળઝાળ ગરમીના સિલસિલા વચ્ચે ગુરૂવારના રોજ તેજગતિ સાથે પવન ફુકાયો હતો. ધૂળની ડમરીઓ અને ગરમ લ્હાય લૂએ માનવ અને પશુપંખીને અકળાવી દીધા હતા.

ડીસા તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી વાતાવરણમાં ચઢાવ ઉતાર સર્જાઈ રહ્યો છે. તેમાંય છેલ્લા ત્રણ દિવસથી તો તાપમાનનો પારો ૪૦ ડીગ્રી વટાવી રહ્યો છે. જેના કારણે લોકો ત્રાહીમામ પોકારી રહ્યા છે. વળી, છેલ્લા કેટલાક દિવસોથી પવનની ગતિ અટકતાં બફારાનું પ્રમાણ વધી જવા પામ્યું હતું પરંતુ



ગુરૂવારથી બપોર બાદ તેજગતિએ પવન ફુંકાવો શરૂ થયો હતો તેની સાથે ધુળની ડમરીઓ ઉઠવા પામી છે. ગરમીની સાથે ગરમ લ્યાય લૂના પ્રકોપથી લોકો અકળામણ અનુભવી રહ્યાછે. તેજગતિ સાથે પવન ફુંકાવો શરૂ થયો છે જેના કારણે ખેડૂતોને બાજરીમાં પિયત આપવામાં તકલીફ પડી રહી છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ ભારે પવન વચ્ચે બાજરીને પિયત આપવામાં આવે તો તેના છોડ નમી જાય છે અને ઉતારામાં નુકશાન થાય છે. એટલે બાજરીને પાછલુ પાણી આપવું કે કેમ ? તે બાબતે ખેડૂતો અવઢવ અનુભવી રહ્યા છે. ડીસા પંથકમાં સુસવાટા મારતા પવન વચ્ચે પણ તાપમાન ૪૦.૦ ડીગ્રી જળવાઈ રહ્યું હતું. હવામાન વિભાગ ડીસાના જણાવ્યા મુજબ સાંજ સુધીમાં ડીસાનું તાપમાન ૪૧ ડીગ્રી થવાની સંભાવના જોવા મળી રહી છે.

# મોડાસા ખાતે કોંગ્રેસ આઈ.ટી.સેલ અને મીડીયા સેલની બેઠક યોજાઈ




બાયડ તા:૧૭

સાબરકાંઠા જીલ્લાના મોડાસા ખાતે આગામી વિધાનસભાની ચુંટણીને ધ્યાનમાં રાખીને કોગ્રેસ પક્ષ દ્વારા ગુજરાત પ્રદેશ કોગ્રેસ આઈ.ટી.સેલના ચેરમેન રોહન ગુપ્તા અને પ્રદેશ કોગ્રેસના આઈ.ટી.સેલના મહામંત્રી અભીભાઈ શાહની આગેવાની હેઠળ એક મીટીંગનુ આયોજન મોડાસા ખાતેની સીમલા હોટલમાં કરવામાં આવ્યું હતું. આ મીટીગમાં સાબરકાંઠા જીલ્લાના આઈ.ટી.સેલના હોદ્દારોની નિમણુક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ભાવીકભાઈ જોષી (મોડાસા) ઉપપ્રમુખ તરીકે બ્રિજેશ પંચાલ જીગ્નેશભાઈ (મોડાસા) મહામંત્રી તરીકે સમીર બલોચ (બાયડ) તથા રાહુલ પટેલની નીમણુક કરવામાં આવી હતી. દરેક તાલુકા દીઠ પણ સંગઠનના પ્રમુખ અને ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી.

કોગ્રેસ પક્ષ દ્વારા આઈ.ટી. ક્ષેત્રે હરણફાળ ભરવા અને પક્ષના પ્રચારને ફેસબુક ટવીટર જેવી સોસીયલ સાઈટ પર હાઈટેક પ્રચારના ભાગરૂપે આ સેલની રચના કરવામાં આવી હતી. આ પ્રસંગે મોડાસા તાલુકાના પ્રમુખ નારણભાઈ પટેલ અને જીલ્લા યુથ કોગ્રેસના પ્રમુખ વનરાજસિંહ રાઠોડ પણ ઉપસ્થીત રહયા હતા.

(તસ્વીર : સમીર બલોચ બાયડ)

## શિક્ષક શરાફી મંડળીના ચેરમેન પદે ભોગીલાલ પટેલની બિનહરીફ વરણી

તલોદ, તા. ૧૭

તલોદ તાલુકાના પ્રાથમિક શિક્ષકો માટે ચાલતી શિક્ષક શરાફી મંડળીની ચૂંટણીમાં સતત આઠમી વખત ચેરમેન પદ માટે ભોગીલાલ કેશવલાલ પટેલ બિનહરીફ ચૂંટાયા હતા.

મળતી માહિતી અનુસાર તલોદ તાલુકાના પ્રાથમિક શિક્ષકો માટે ચાલતી શિક્ષક શરાફી મંડળીના ચેરમેન પદ માટે ગત સોમવારે મંડળીના સભાખંડમાં ચૂંટણી યોજાઈ હતી. જેમાં ખેરોલ પ્રાથમિક શાળાના આચાર્ય ભોગીલાલ કેશવલાલ પટેલ સતત આઠમી વખત શરાફી મંડળીના ચેરમેન પદે બિનહરિફ વિજેતા જાહેર કરાતા ચૂંટાયેલા ચેરમેનને હર્શષભેર વધાવી તમામે અભિનંદન પાઠવ્યા હતા. જ્યારે ચેરમેન ભોગીલાલ પટેલે શિક્ષકોની શરાફી મંડળીને પ્રગતિભેર કરી સતત પ્રવૃત્તિશીલ રહેવાની ખાત્રી આપતા સમગ્ર તલોદ તાલુકાના શિક્ષકોનો આભાર પ્રગટ કર્યો હતો.

## ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ મે ૧૧ વખત મત વિસ્તારનો પ્રવાસ કર્યો : પ્રફૂલ પટેલ

હિંમતનગર, તા. ૧૭

પ્રજાના પ્રતિનિધિ તરીકે ચૂંટાયા બાદ કોઈપણ ધારાસભ્ય કે પદાધિકારી માટે લોકહિતના કામો થાય તે જોવાની જવાબદારી હોય છે ત્યારે હિંમતનગર વિધાનસભા બેઠકમાંથી ચૂંટાયેલા ધારાસભ્ય અને ગૃહ રાજયમંત્રીએ પોતાના મતવિસ્તારના વિકાસને લક્ષ્ય બનાવી શાશનકાળ દરમિયાન અનેક વિકાસના કામો કર્યા છે. હજુ પણ મારા મત વિસ્તારના વિકાસ માટે સતત જાગૃત છે.

હિંમતનગર વિધાનસભા બેઠક પરથી ચૂંટાયેલા અને ગૃહ રાજ્યમંત્રી પ્રફુલ પટેલે મતવિસ્તારના વિકાસ કામો અંગે માહિતી આપતા એક વાતચીતમાં જણાવ્યું હતું કે મારા મત વિસ્તારમાં આવતા ઈલોલ, બેરણા, નવા, કાંકણોલ, હડિયોલ, ગઢોડા, હિંમતનગર સહિતના સ્થળે જરૂરી વિકાસ કામો માટે મે મારી ગ્રાન્ટમાંથી નાણાંકીય ફાળવણી કરીને વિકાસ કામોને પ્રાધાન્ય આપ્યું છે. હિંમતનગરની વાત કરીએ તો શહેરના રસ્તાઓ, બગીચા અને ગરીબ આવાસ યોજના સાકાર કરવાની મારી ઈચ્છાને મતદારોએ જ સહયોગ આપ્યો છે તેના કારણે આગામી દિવસોમાં શહેરના જરૂરિયાતમંદોનું ઘરનું સ્વપ્ન સાકાર થશે. ધારાસભ્ય તરીકે ચૂંટાયા બાદ મે મારા મતવિસ્તારનો ૧૧ વખત પ્રવાસ ખેડ્યો છે. પ્રવાસ દરમિયાન મને મળેલી રજુઆતોનો અભ્યાસ કરી તેમની મુશ્કેલીઓ દૂર કરવા પ્રયાસ કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સાબરકાંઠા જિલ્લાને મેડિકલ કોલેજ મળવી જોઈએ તે અંગે મે મુખ્યમંત્રીને કરેલી રજુઆત બાદ જિલ્લાવાસીઓની માગણી સંતોષાઈ છે તે પણ યુવાનો માટે ખૂબજ ઉપયોગી સાબિત થશે. હિંમતનગર-વિજાપુર તેમજ ઈલોલ દાવડ રોડ માટે લોકોને પડતી મુશ્કેલીઓ અંગે જાગૃત રહીને નવીન રોડ બનાવાયો છે. મારા મત વિસ્તારમાં આવતા અને ભિલોડા તાલુકાના ગામડાઓમાં વિદ્યાર્થીઓ માટે લાઈબ્રેરી ઉપલબ્ધ બને તે માટે મે મારી ગ્રાન્ટમાંથી નાણાંની ફાળવણી કરી છે. હિંમતનગર શહેરની વાત કરીએ તો થોડા સમય અગાઉ જ મોતીપુરાથી સિવિલ સર્કલ થઈ મહેતાપુરા સુધીનો તેમજ ખેડતસીયા રોડને નવીન બનાવવા માટેનું કામ હાથ પર લીધું હતું તે પૂર્ણ કરાયું છે. તેમજ બ્યુટીફીકેશનનું કામ પણ પ્રગતિમાં છે.

## ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં બાયડની એન. એચ. શાહ હાઈસ્કુલ ઝળકી

બાયડ, તા. ૧૭

ચાલુ સાલે લેવાયેલ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં ધો.૧૨નુ પરિણામ જાહેર થતાં એન.એચ. શાહ હાઈસ્કુલનુ ૮૧.૩૬ ટકા જેટલુ સુંદર પરિણામાં આવતા શાળા કેમ્પસમાં ખુશીનો માહોલ છવાઈ ગયો હતો. જેમાં ચૌધરી પથીકભાઈ અલ્પેશભાઈ (૮૮.૩૩) ટકા અને ૯૭.૮૭ ટકા પ્રસેન્ટાઈલ રેન્ક સાથે પ્રથમ જયારે દ્વિતીયક્રમો વૈધ વશીષ્ઠ (૮૬.૩૩) અને ૯૪.૮૮ ટકા પર્સેન્ટાઈલ રેન્ક તૃતીય ક્રમે પટેલ તેજસ અરવિંદભાઈ (૮૨.૩૩) ટકા તેમજ પર્સેન્ટાઈલ રેન્ક ૯૧.૮૩ ટક ચોથા ક્રમે શાહ ધ્રુવી શૈલેશભાઈ (૮૦.૦૦)ટકા પર્સેન્ટાઈલ રેન્ક ૯૦.૧૫ ટકા પાંચમા ક્રમે પટેલ અર્પણ કમલેશભાઈ (૭૯.૩૭) તથા પર્સેન્ટાઈલ રેન્ક ૮૯.૬૪ તેમજ ઊઠ્ઠા ક્રમે ચૌધરી જાનકી અનીલભાઈ (૭૯.૩) ટકા લાવી શાળાનુ ગૌરવ બદાલવા તમામ શિક્ષકો અને વીદ્યાર્થીઓ ને મંડળના પ્મુખ મોતીભાઈ ઉપપ્રમુખ ધાનીભાઈ મંત્રી વિઠ્ઠલભાઈ સહમંત્રી કનુભાઈ પટેલ તેમજ આચાર્યશ્રી ઉન્મેશભાઈ અને ઓ.એચ.સી ભરતભાઈ અભિનંદન પાઠવ્યા હતા.

## હિંમતનગરમાં બે શકમંદો ઝડપાયા

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર બસ સ્ટેન્ડ ખાતે આજે સવારે ડી. સ્ટાફ પોલીસના પોલીસ કર્મી સાંકાભાઈ ગુપ્ત વોચ કરી રહ્યા હતા ત્યારે કેટલાક ઈસમો ની હલચલ ઉપર નજર નાખતા બે શકમંદો ઝડપાયા હતા.

હિંમતનગર બસ સ્ટેન્ડમાં ડી. સ્ટાફ પોલીસ કર્મી સાંકાભાઈ આજે સવારે ખાનગી વોચમાં બેઠા હતા તે દરમિયાન કેટલાક ઈસમોની હલચલ કંઈક અલગ લાગતા પોલીસે અશોકભાઈ રઘુભાઈ દેસાઈ રહે. ડભોડા, નરેશભાઈ નટવરભાઈ રાઠોડ રહે. દહેગામ શંકાના આધારે પકડી તેમના વિરુધ્ધ વધુ પુછપરછ હાથ ધરી છે.

# દામા ગામે યમરાજ બનેલ આખલાએ ચિકિત્સાલયમાં હેલ્પરની લીધી જાન

ડીસા, તા. ૧૭

ડીસા તાલુકાના દામા ગામે બનાસડેરી સંચાલીત પશુ સંવર્ધન કેન્દ્ર આવેલ છે. આ પશુ સંવર્ધન કેન્દ્રમાં સવારે સાડા અગીયાર કલાકે આ પશુ ચિકિત્સાલયમાં હેલ્પર તરીકે કામ કરતા હકમાજી ભેમાજી ઉંમર વર્ષ ૩૦ પશુ સારવાર માટે આવ્યા હતા. જેઓ એક આખલાને વોશીંગ માટે લઈ જઈ રહ્યા હતા તેવા જ સમયે ઉશ્કેરાઈ ગયેલા આ આખલાએ સાક્ષાત યમદૂતનુ રૂપ ધારણ કરી હેલ્પર હકમાજી ઠાકોર ઉપર જીવલેણ હૂમલો કર્યો હતો. ખુંખાર બનેલ આ આખલાએ હેલ્પર હકમાજી ઠાકોરના મોઢા પર અને માથા પર હીંસક હૂમલા કર્યા હતા. આખલાના આ હૂમલાથી સમગ્ર પશુ ચિકિત્સાલય દામા સંકુલમાં ભારે અફડા તફડી મચી ગઈ હતી. જે બાદ મહા મહેનતે આખલાના ચુંગાલમાંથી હેલ્પર હકમાજી ભેમાજી ઠાકોરને બચાવાયા હતા. જેઓને તાત્કાલિક સારવાર અર્થે ડીસાની સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતા. આખલાના આ હૂમલાથી દામા ખાતેના પશુ સંવર્ધન કેન્દ્રમાં દહેશતભર્યો માહોલ સર્જાયો હતો. આ મામલે ડીસા તાલુકા પોલીસમથકે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી વધુ તપાસ એ.એસ.આઈ. પરબતસિંહ રાજપુત ચલાવી રહ્યા છે. આખલાના હૂમલામાં અનેકો ઘાયલ પણ થયા છે. ત્યારે આજનો આ કરૂણ બનાવ તંત્ર માટે લાલબત્તી સમાન છે. અબોલ પશુ આખલો જ્યારે તેનો પીત્તો ગુમાવે છે ત્યારે તેને કાબુ કરવુ મુશ્કેલ હોય છે અને ભરચક એવા ભીડ ભર્યા વિસ્તારમાં કે શાળા સંકુલની આસપાસ આવો બનાવ બનતા મોટી જાનહાની થવાનો સંભવ છે. જેથી જિલ્લા કલેક્ટર જે.બી. વોરા જાહેર હિતમાં અને પ્રજાહીતમાં શહેરી વિસ્તાર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં રખડતા ભટકતા આવા અબોલ જીવોને પાંજરે પુરવા સખ્સમ સત્તા મંડળને યોગ્ય આદેશ આપે તે ઈચ્છનીય છે.



કૃષિ મહોત્સવ અંતર્ગત પાલનપુર માર્કેટયાર્ડ ખાતે તાજેતરમાં ખેડૂતો માટે ખેડૂત શિબિર યોજાઈ હતી. જેમાં તજજ્ઞોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત કિશાનોને આધુનિક અને વૈજ્ઞાનિક ઢબે થતી ખેતી તથા ખેતી વિષયક યોજનાઓની સુંદર અને સચોટ માહિતી આપી હતી. આ શિબિરમાં ધારાસભ્ય ગોવિંદભાઈ પ્રજાપતિ, વસંતભાઈ ભટોળ, પૂર્વ સાંસદ હરિભાઈ ચૌધરી, પરથીભાઈ લોહાણા, વિરજીભાઈ, કે.એસ. મોગરા સહિત અનેક ખેડૂત આગેવાનો હાજર રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)



બનાસકાંઠા પાંત્રીસી ઓદિચ્ય સહસ્ત્ર બ્રહ્મસમાજ દ્વારા પાલનપુર ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ આઠ ટીમોએ ભાગ લીધો હતો. આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં વડગામ અને મગરવાડા વચ્ચે ફાઈનલ મેચ રમાતા મગરવાડા ટીમનો શાનદાર વિજય થયો હતો. વિજેતા ટીમને જગાણાના નવનિર્વાચીત યુવાન સરપંચ જયશ દવેના હસ્તે ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવી હતી. (હરેશ જોષી, પાલનપુર)

# ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીણી બેઠકમાં કેશુભાઈ પટેલને ખાસ આમંત્રિત કરાવવાની સંભાવના

ગાંધીનગર, તા. ૧૭

મુંબઈ ખાતે મળનારી ભાજપની રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠકમાં ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને ખાસ આમંત્રીત તરીકે બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે આમંત્રણ પક્ષ દ્વારા આપવા માટેની વિચારણા કરવામાં આવી રહી હોવાનું જાણવા મળે છે.

ભારતીય જનતા પાર્ટીની રાષ્ટ્રીય કાર્યકારણીની બેઠક આગામી ૨૪ અને ૨૫ મી મે બે દિવસ મળનારી છે. આ બેઠકમાં પક્ષ પ્રમુખ નીતિન ગડકરીને સર્વસંમતિથી પુન: બીજી ટર્મ માટે પક્ષ પ્રમુખ તરીકે નિમવામાં આવે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

ભાજપ પ્રમુખ ગડકરી અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વચ્ચેના સંબંધોમાં તીરાડ પડી હોવાનું પક્ષના આંતરીક વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે અને તેના કારણે આગામી ૨૪મીએ મુંબઈમાં મળનારી રાષ્ટ્રીય કાર્યકારીણીની બેઠકમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી હાજરી આપશે કે નહી ? તે સામે પ્રશ્નાર્થ મુકાયેલો છે.

આ પરિસ્થિતિમાં કાર્યકારીણીની બેઠકમાં ગુજરાત ભાજપના વરીષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલને ખાસ આમંત્રીત કરવા માટે પક્ષ દ્વારા કવાયત હાથ ધરવામાં આવી હોવાનું ભાજપ વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. કેશુભાઈ પટેલને ખાસ આમંત્રિત તરીકે કાર્યકારીણીની બેઠકમાં હાજર રહેવા માટે આમંત્રણ આપવામાં આવનાર હોવાની વહેતી થયેલી વાતોને લઈને ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવી જવા પામ્યો છે.

ગુજરાત ભાજપના વરીષ્ઠ નેતા અને પૂવ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ હાલમાં સંસદ સભ્ય નથી તેમજ પક્ષમાં પણ પ્રદેશ કે રાષ્ટ્રીય સંગઠનમાં કોઈ હોદ્દો ધરાવતા નથી પરંતુ ખાસ આમંત્રીત તરીકે કેશુભાઈને કાર્યકારણીની બેઠકમાં બોલાવવા માટેની હીલચાલ ભાજપ પક્ષમાં શરૂ થતાં કેશુભાઈના સમર્થકો ગેલમાં આવી ગયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે પક્ષમાં હાંસીયામાં ધકેલાય ગયેલા કેશુભાઈ પટેલ છેલ્લા કેટલાક સમયથી સંમેલનોમાં જાહેરમાં ગુજરાતના શાસનકર્તા સામે વ્યંગમાં આક્ષેપો કરીને હુંકાર કરતા ગુજરાતના રાજકારણમાં રાજકીય હલચલ શરૂ થઈ જવા પામી છે.

# ડીસા ખાતે હોમગાર્ડ ભરતી મેળો યોજાશે

ડીસા, તા.૧૭

બનાસકાંઠા જિલ્લા હોમગાર્ડના જિલ્લા કમાન્ડન્ટના આદેશ મુજબ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસા ખાતે ડીસા શહેર તેમજ ડીસાથી ૮ કિ.મી. વિસ્તારમાં રહેતા ઉમેદવારો માટે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.

જેથી હોમગાર્ડઝમાં ભરતી થવા ઈચ્છા ધરાવતા ઉમેદવારોએ ધોરણ-૭ પાસ કે તેથી વધુ, ઉંચાઈ ૫ ફુટ ૪ ઈંચ કે તેથી વધુ, વજન ૫૦ કિ.ગ્રા. કે તેથી વધુ તેમજ ૧૮ થી ૪૦ વર્ષની વય મર્યાદા ધરાવતા નિષ્કામ સેવાના ઉમદા વિચારોવાળા ઉમેદવારોએ આગામી તા. ૨૨-૫-૨૦૧૨ ને મંગળવારે સવારે ૭.૦૦ કલાકે સરકારી હોસ્પિટલ મેદાન ખાતે રેશનકાર્ડ, લીવીંગ સર્ટી, ચૂંટણી કાર્ડ, અભ્યાસના પ્રમાણપત્રો (અસલ તથા ઝેરોક્ષ પ્રમાણિત કરેલી બે નકલ) તેમજ બે પાસપોર્ટ સાઈઝના ફોટા સાથે હાજર રહેવું તેમજ વધુ જાણકારી માટે સાંજે ૬.૦૦ વાગ્યા છી સીટી પોલીસ સ્ટેશન સામની યુનિટ કચેરીનો રૂબરૂ સંપર્ક કરવો તેમ હોમગાર્ડઝ તાલુકા યુનિટ ડીસાના ઓફીસર કમાન્ડીંગ એ.એફ. આલ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો
એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર
મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એક્સીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૪૪૯૨૮

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૯૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૯૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧